પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૯ | ૨૦ ડીસેમ્બર, ૨૦૨૦, રવિવાર; માગશર - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાના કેસ એક કરોડને પાર

**એક્ટિવ કેસ ૪ લાખની નીચે : છેલ્લા ત્રણ માસમાં કોરોનાના નવા કેસની સંખ્યામાં સતત ઘટાડો : દેશના તમામ રાજ્યોમાં નવા કોરોના વાયરસના કેસની ગતિ ધીમી પડી, કેરળ એકલું જ એવું રાજ્ય જ્યાં મહામારીના કેસ ઝડપથી વધી રહ્યા છે : ૨૪ કલાકમાં ૨૫૧૫૩ પોઝિટિવ કેસ નોંધાયા : એક્ટીવ કેસના મામલે ભારત વિશ્વમાં ૯માં ક્રમે**



નવી દિલ્હી, તા.૧૯

દેશમાં શુક્રવારે કોરોના વાયરસના કુલ ૨૭,૦૨૨ નવા કેસ સામે આવ્યા. આ સાથે જ ભારતમાં કુલ કોરોના કેસની સંખ્યા ૧ કરોડને પાર પહોંચતા ૧ કરોડ ૪ હજાર ૮૯૩ થઈ ગઈ. ધ્યાન આપવાની બાબત એ છે કે દેશમાં ૧૫ સપ્ટેમ્બરે કુલ કોરોના કેસની સંખ્યા ૫૦ લાખને પાર પહોંચી હતી. આ બાદ છેલ્લા ૩ મહિનાથી કોરોનાના નવા કેસોની સંખ્યામાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જોકે સારી ખબર એ પણ છે કે દેશમાં કોરોના સંક્રમણના નવા મામલા સામે આવવાની ઝડપ ખૂબ ધીમી પડી ગઈ છે. આ જ કારણ છે કે ૯૦ લાખથી ૧ કરોડ કેસ થવામાં ૨૯ દિવસનો સમય લાગ્યો. એટલે કે ભારતમાં ૧૦ લાખ નવા કેસ પાછલા ૨૯ દિવસોમાં આવ્યા છે. જણાવી દઈએ કે પહેલા ૧૦ લાખ કોરોના કેસ આવવામાં ૧૬૮ દિવસ લાગ્યા હતા, પરંતુ આ બાદ નવા કેસોની ઝડપથી વધવા લાગ્યા અને ૨૯ દિવસમાં ૧૦ લાખ કેસ આવવાની ઝડપ સૌથી ધીમી રહી.

રાજ્યોની વાત કરીએ તો દેશના તમામ રાજ્યોમાં નવા કોરોનાના કેસની ગતિ ધીમી પડી ગઈ છે. કેરળ એકલું જ એવું રાજ્ય છે જ્યાં કોરોનાના કેસ ઝડપથી વધી રહ્યા છે. સાત દિવસના રોજના એવરેજ કેસોની વાત કરીએ તો આ દ્રષ્ટિએ કેરળ બાદ મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, દિલ્હી, કર્ણાટક, તમિલનાડુ, મધ્ય પ્રદેશ, બિહાર અને આંધ્ર પ્રદેશનો નંબર આવે છે.

ભારતમાં કોવિડ-૧૯ દર્દીઓનો રિકવરી રેટ દુનિયામાં સૌથી વધારે ૯૫.૪ ટકા છે. છેલ્લા ૧૨ દિવસથી દેશમાં કલ એક્ટિવ કોરોના કેસની સંખ્યા ૪ લાખથી નીચે છે. કોરોના ટેસ્ટિંગની ઝડપ વધી છે જ્યારે પોઝિટિવિટી રેટ ઘટતો રહ્યો છે. ૧ ઓગસ્ટથી અત્યાર સુધી ભારતમાં ૧૪ કરોડ ટેસ્ટ થઈ ચૂક્યા છે. એટલે કે એવરેજ ૧૦ લાખ ટેસ્ટ રોજના. લોકડાઉનના નિયમોમાં છૂટછાટ મળતા જ લોકોમાં બેદરકારી જોવા મળી રહી છે. તહેવારની સીઝનમાં આવી ભીડ ડરાવનારી હતી. હવે એવામાં ફરી ન્યૂયર સેલિબ્રેશનમાં વધારે લોકો એકઠા થવા અને ફરવા નીકળવાની સંભાવના છે. એવામાં લોકોના બહાર નીકળવાના કારણે કોરોનાના કેસોમાં ફરીથી વધારો થઈ શકે છે. એટલે લોકો પોતાની વધારે સાવધાની રાખે તે જરૂરી છે. કોરોનાથી બચવાના તમામ નિયમોનું પાલન કરો. કારણ કે દેશમાં હજુ સુધી વેક્સીન આવી નથી.

# ભાજપ સોનાર બાંગલાનું સ્વપ્ન પુરૂં કરશે : ગૃહમંત્રી

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમની પશ્ચિમ બંગાળની મુલાકાત દરમિયાન એક ખેડૂતના ઘરે ભોજન લીધું હતું**

કોલકાતા, તા.૧૯

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાલ પશ્ચિમ બંગાળની મુલાકાત છે. તેમણે બંગાળ, ભાજપ અને હિન્દુત્વને જોડતા પડાવોની આ યાત્રામાં સામેલ કર્યા છે. મમતા બેનર્જીના ગઢમાં બરાબરની ઘૂસ મારી છે. જે રીતે અમિત શાહ કોલકત્તામાં બંગાળના નાયક સ્વામી વિવેકાનંદના પૈતૃક ઘરે પહોંચ્યા, મિદાનપુરના મહામાયા અને સિદ્ધેશ્વરી મંદિર અને પછી ખુદીરામ બોઝના પશ્ચિમી મિદાનપુરમાં આવેલા પૈતૃક ઘરે ગયા. તેનાથી મમતા દીદીની ચિંતા વધી ગઇ છે. તો બીજીબાજુ અમિત શાહે મિદનાપુરમાં ખેડૂત સનાતન સિંહના ઘરે ભોજન એવા સમયે લીધું જ્યારે દિલ્હીમાં કૃષિ કાયદાની વિરૂદ્ધ છેલ્લાં ૨૩ દિવસથી ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે.

આ બધાની વચ્ચે ભોજન લીધા બાદ મીડિયા ઈન્ટરવ્યુમાં અમિત શાહે કહ્યું કે મમતા બેનર્જીએ સોનાર બંગલાનું સપનું તો દેખાડી દીધું, પરંતુ તે પરિપૂર્ણ થયું નથી. તેમણે કહ્યું કે ભાજપ આ સ્વપ્ન પૂરું કરશે. અમિત શાહે કહ્યું કે ભાજપ આ વખતે ૨૦૦ બેઠકો જીતશે અને માત્ર મમતા બેનર્જીના પશ્ચિમ બંગાળના ભાજપના

● અનુસંધાન પાન-૭ પર







